# <u>આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના હેલ્થ સેન્ટર ખાતે કોરોના વેક્સીનેશન કેમ્પનું આયોજન</u>

વર્તમાન સમયમાં કોવીડ-૧૯ ના કેસને ધ્યાને રાખીને આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ અને અર્બન હેલ્થ સેન્ટર, ગણેશ ચોકડી, આણંદના સંયુકત ઉપક્રમે આણંદ યુનિવર્સિટીના ડૉ.ડી.એચ પટેલ, નિયામકશ્રી, વિધાર્થી કલ્યાણ આ.કૃ.યુ., આણંદ અને ડૉ. કેયુર હિરપરા, મેડીકલ ઓફીસર, હેલ્થ સેન્ટર, આ.કૃ.યુ., આણંદ ના વડપણ હેઠળ આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના અધિકારીશ્રીઓ, કર્મચારીઓ, પેન્શનરો, ફાર્મ મજુરો તથા યુનિવર્સિટીના વસાહતીઓ અને સિક્યુરીટી સ્ટાફને નિ:શુલ્ક કોરોના વેક્સિન કેમ્પનું આયોજન અત્રેના હેલ્થ સેન્ટર આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે કરવામાં આવેલ. જેમાં તા.૧૨/૦૮/૨૦૨૧ ના રોજ ૨૮૧ તા.૧૪/૦૮/૨૦૨૧ ના રોજ ૧૫૦ તથા તા.૧૭/૦૮/૨૦૨૧ ના રોજ ૧૪૦ આમ કુલ ૫૭૧ કર્મચારીઓને પ્રથમ અને બીજા ડોઝનું રસીકરણ કરવામાં આવેલ હતું. સદર કેમ્પનું આયોજન ડૉ.ડી.એચ પટેલ, નિયામકશ્રી, વિધાર્થી કલ્યાણ દ્વારા કરવામાં આવેલ હતું.



